(1) ડેકસામેથાસોન (Dexamethason) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ એક પ્રકારની સ્ટેરોઈડ દવા છે.
(2) આ દવાને મોં દ્વારા સિધી રીતે તથા નસમાં દાખલ કરીને પણ લઈ શકાય છે.
(3) આ દવા દ્વારા COVID-19ના કેટલાંક દર્દીઓના મૃત્યુઆંકમા ઘટાડો નોંધાયો છે.
(4) આ દવા ઓછા બિમાર દર્દીઓ તથા જેમને ઓકિસજન સપોર્ટની જરૂર ન હોય તેમના માટે લાભદાયી બનશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ડેકસામેથાસોન નામની દવા COVID-19ના ઈલાજ માટે ચર્ચામાં છે.

⇛ આ એક સરળતાથી મળે તેવી અને સસ્તી સ્ટેરોઈડ દવા છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ કેટલાંક પરીક્ષણો બાદ જાણવા મળ્યું છે કે, જે દર્દીઓને શ્વાસ માટેના મશીનની જરૂર પડે છે, તેઓને આ દવા આપવાથી તેમના મૃત્યુદરમાં 35%નો ઘટાડો નોંધાયો છે. જ્યારે જે દર્દીઓને માત્ર સહાયકારી ઓકિસજનની જરૂર હોય તેમને આ દવા આપતા તેમના મૃત્યુદરમાં 20%નો ઘટાડો જોવા મળ્યો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ દવાને 2 પ્રકારે લઈ શકાય છે. (1) મોં દ્વારા અને (2) નસમાં દાખલ કરીને. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ દવા ઓછા બિમાર દર્દીઓ તથા જેમને ઓકિસજન સપોર્ટની હોય તેમના માટે બિન ઉપયોગી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) સંયુકત રાષ્ટ્રનાં 23માં ચાર્ટરમાં UNSCના બંધારણનો ઉલ્લેખ છે.
(2) તેની પ્રાથમિક જવાબદારી આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની જાળવણી કરવાનું છે.
(3) તેમાં કુલ 15 સભ્યો હોય છે.
(4) તેમાં અસ્થાયી સભ્ય (non-permanent members)નો કાર્યકાળ 2 વર્ષનો હોય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ સંયુકત રાષ્ટ્રના 6 મુખ્ય અંગોમાં સુરક્ષા પરિષદનો પણ સમાવેશ થાય છે.

⇛ આ સુરક્ષા પરિષદના બંધારણની ચર્ચા સંયુકત રાષ્ટ્રના 23માં ચાર્ટરમાં કરવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ UNSCની પ્રાથમિક જવાબદારી આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની જાળવણી કરવાનું છે. જ્યારે પણ શાંતિ પર ખતરો ઊભો થાય છે ત્યારે સુરક્ષા પરિષદની બેઠક યોજાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ UNSCમાં કુલ 15 સભ્યો હોય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ 15 સભ્યો પૈકી 5 કાયમી સભ્યો હોય છે અને અન્ય 10 બિન કાયમી કે અસ્થાયી સભ્યો હોય છે.

⇛ અસ્થાયી સભ્યોની ચૂંટણી સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા દર 2 વર્ષે કરવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ UNSCના 5 કાયમી સભ્યો : ચીન, ફ્રાંસ, રશિયા, યુનાઈટેડ કિંગડમ અને યુ.એસ.એ.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) UNCCD વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ટુ કોમ્બેટ ડેઝર્ટીફિકેશન છે.

(2) તેની સ્થાપના મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ અંતર્ગત કરવામાં આવેલી છે.

(3) તે સૂકી જમીનના પ્રશ્નોનું નિરાકરણ લાવવા કાર્ય કરે છે.

(4) તે કાયદાકીય રીતે બાધ્ય આંતરરાષ્ટ્રીય કરાર છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ UNCCDનું પૂરુંનામ યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ટુ કોમ્બેટ ડેઝર્ટીફિકેશન છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેની સ્થાપના વર્ષ 1994માં કરવામાં આવી હતી.

⇛ તે પર્યાવરણ અને વિકાસને ટકાઉ જમીન નિયમન સાથે જોડતો એકમાત્ર કાયદાકીય રીતે બાધ્ય આંતરરાષ્ટ્રીય કરાર છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ રિયો કોન્ફરન્સના એજન્ડા-21ની ભલામણોમાંથી ઉદ્ભવેલું તે એકમાત્ર કન્વેન્શન છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ કન્વેન્શન સુષ્ક, અર્ધ–સુષ્ક અને સૂકી અર્ધ–ભેજવાળી જમીન કે જેને સંયુક્ત રીતે સૂકી જમીન (Dryland) તરીકે ઓળખવામાં આવે છે, તેના પ્રશ્નોનું નિરાકરણ લાવવા કાર્ય કરે છે. આ એવી જમીન છે જેમાં સૌથી સંવેદનશીલ ઈકોસિસ્ટમ તથા માણસો જોવા મળે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારત તરફથી પર્યાવરણ મંત્રાલય આ કન્વેન્શન માટે નોડલ મંત્રાલય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) જલ જીવન મિશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ મિશન હેઠળ પ્રત્યેક પરિવાર દીઠ 60 લિટર પાણી વર્ષ 2025 સુધીમાં દરેકને ઘરે પહોંચશે.

(2) આ મિશનના અમલીકરણ માટેનું નોડલ મંત્રાલય જલ શકિત મંત્રાલય છે.

(3) આ મિશન સ્થાનીક સ્તરે પાણીના માંગ અને પૂરવઠાના એકીકૃત નિયમન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

(4) આ મિશન માટેનું ફંડીંગ 50:50ના પ્રમાણમાં કેન્દ્ર તથા સામાન્ય રાજ્ય દ્વારા કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ વર્તમાન સમયે બેરોજગાર પ્રવાસી મજદૂરોને રોજગારી આપવાના હેતુથી તથા જલ જીવન મિશનની કામગીરી આગળ ધપાવવા માટે જલ શકિત મંત્રાલયે પ્રવાસી મજદૂરોને આ મિશનમાં સમાવિષ્ટ કરવાની ઘોષણા કરી છે.

⇛ આ મિશનનું લક્ષ્ય : ઘરમાં કાર્યશીલ નળ જોડાણ દ્વારા વર્ષ 2024 સુધીમાં પ્રત્યેક ગ્રામ્ય પરિવારને પ્રતિ વ્યકિત 55 લિટર પાણીનો જથ્થો પૂરો પાડવો. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ મિશનના અમલીકરણ માટેનું નોડલ મંત્રાલય જલ શકિત મંત્રાલય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ મિશન સ્થાનીક સ્તરે પાણીના માંગ અને પૂરવઠાના એકીકૃત નિયમન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અર્થાત્ આ મિશન હેઠળ સ્થાનિક માંગને સંતોષવા પાણીના સ્થાનિક ટકાઉ સ્ત્રોતની મદદ લેવામાં આવશે. જેમાં, વરસાદી પાણીનો સંગ્રહ, ભૂગર્ભ જળનું રિચાર્જ, વપરાયેલા પાણીનો ફરી ઉપયોગ વગેરેનો સમાવેશ થશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ મિશન હેઠળ ફંડીંગની વહેંચણી કેન્દ્ર સરકાર તથા હિમાલયના રાજ્યો – ઉત્તરપૂર્વના રાજ્યો માટે 90:10ના પ્રમાણમાં છે જ્યારે સામાન્ય કે અન્ય રાજ્યો માટે આ પ્રમાણ 50:50નું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) પશુપતિનાથ મંદિર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ મંદિર ભગવાન શિવને સમર્પિત છે.

(2) આ મંદિર કાલી નદીના કિનારે આવેલું છે.

(3) નેપાલ–ભારત મૈત્રી : વિકાસ ભાગીદારી યોજના દ્વારા ભારતે મંદિર માટે ધર્મશાળાના બાંધકામની સહાય કરી છે.

(4) આ મંદિરનું બાંધકામ હિમાલયી નગર શૈલીમાં કરવામાં આવ્યું છે.

(A) માત્ર (1)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ નેપાળમાં આવેલું પશુપતિનાથનું મંદિર ભગવાન શિવને સમર્પિત છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તાજેતરમાં ભારત અને નેપાળ વચ્ચે એક MoU પર હસ્તાક્ષર થયાં છે. જે મુજબ, અહીં સેનીટેશનની સુવિધા ઊભી કરવામાં આવશે. આ સુવિધાનું નિર્માણ નેપાળ–ભારત મૈત્રી: વિકાસ ભાગીદારી યોજના હેઠળ કરવામાં આવશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ મંદિર પરિસર નેપાળનું સૌથી મોટું મંદિર પરિસર છે અને ભાગમતી નદીની બન્ને બાજુ તે ફેલાયેલું છે. (આથ, વિધાન (2) ખોટું છે.)

⇛ આ મંદિરને યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળની યાદીમાં પણ સ્થાન મળેલ છે.

⇛ મંદિરનું નિર્માણ નેપાળી પેગોડા શૈલીમાં કરવામાં આવ્યું છે. (આથી, વિધન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT